# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/**૩૮/ક્વા-૩/૧૯-૨૦/૯૭૬-૩૮ તા.૧૪.૦૨.૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૮/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: જાવેદ જુનેજા ગામ - રાજકોટ - **સબડીવીઝન** : આજી-૧ રાજકોટ

રજૂઆત કરનાર: **શ્રી અઝીઝભાઇ જુણેજા અને જાવેદ અઝીઝભાઇ જુણેજા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૧**

રજૂઆત કરનાર: નાયબ ઈજનેર શ્રી પી.એસ.ધુલિયા -પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૧**

## :: ફોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૦૬-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૦૧-૨૦૨૦( બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં અરજદાર ગેરહાજર રહેલ જેથી સદર કેસની વધુ સુનાવણી તા.૦૬-૦૨-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જાવેદ જુનેજા ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૩૮/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓનુ વીજજોડાણ તા.૨૭–૦૮–૧૯ ના રોજ કપાયેલ હોવાથી સુપ્રસિધ્ધ સાહીત્યકાર હોવા છતા – આજી પેટા વિભાગીય કચેરી દ્વારા – પ્રતિષ્ઠાને હાની કરેલ છે. અરજદાર દ્વારા તા.૨૭–૦૮–૧૯ના રોજ રૂ.૮,૦૦૦/–, તા.૧૭–૦૯–૧૯ ના રોજ રૂ૭,૦૦૦/–, તા.૧૮–૦૯–૧૯ ના રોજ રૂ૪,૦૦૦/–, તા.૨૭–૦૯–૧૯ ના રોજ રૂ ૪,૦૦૦/–, તા.૨૨–૧૦–૧૯ ના રોજ રૂ ૩,૦૦૦/–, તા.૦૯–૧૧–૧૯ ના રોજ રૂ ૫,૦૦૦/– ભરપાઈ કરી આપેલ છે. તેમજ માત્ર રૂ.૯૨૦/– બાકી નિકળતા હતા. વધુમાં છેલ્લા ૧.૫ વર્ષ થી વીજ મીટરની ચકાસણી કરવામા આવેલ નથી. જેથી, અરજદારે સદર બાબતે યોગ્ય કરવા **અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે**.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહક ન.: ૩૧૬૦૬/૦૨૭૯૭/૨ થી માજીદભાઈ ગુલામભાઈ ના નામે વીજ જોડાણ ધરાવે છે. અરજદારની રજૂઆત મુજબ પત્ર તા. ૩૦.૧૨.૧૯ થી બીલ અંગેની વિગત લેજર કોપી જેમાં વીજ બીલ અંગેનો તમામ હિસાબ દર્શાવેલ છે.

૩.૧ અરજદાર ની રજૂઆત અન્વયે વીજ વપરાશ કરતા વધુ બીલ આવતું હોય મીટર બદલવાની લેખિત અરજી તથા ટેસ્ટીંગ ચાર્જ અત્રેની કચેરી ને આજ દીન સુધી મળેલ નથી. પરંતુ વીજબીલ ના નાણા બાકી હોવાથી અરજદારનું સદર મીટર તા.૧૭.૦૯.૧૯ ના રોજ ઉતારવા માં આવેલ ત્યારબાદ તે જ દિવસે અરજદાર દ્વારા પાર્ટ રકમ ભરપાઈ થતા નવું મીટર તા.૧૭.૦૯.૧૯ ના રોજ ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે. જુના મીટર નો લેબ રીપોર્ટ તા. ૧૮.૧૦.૧૯ ના રોજ કરવામાં આવેલ કે જેમાં OK રીપોર્ટ આવેલ છે. તેમજ અરજદાર દ્વારા દ્વારા ગેર પ્રવૃત્તિઓ અંગે કરવામાં આવેલ આક્ષેપ અંગે કોઈ લેખીત ફરિયાદ મળેલ નથી.

## :: હુકમ ::

૪.૦ સુનાવણી સમયે ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

**૪.૧** અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહક ન.: ૩૧૬૦૬/૦૨૭૯૭/૨ થી માજીદભાઈ ગુલામભાઈ ના નામે વીજ જોડાણ ધરાવે છે. અરજદારની સુનાવણી સમયે મૌખિક રજૂઆત મુજબ સદર જગ્યા તેઓએ વર્ષ ૧૯૯૦ માં દસ્તાવેજથી ખરીદેલ છે. જેમાં નામ ટ્રાન્સફર ની પ્રક્રિયા કરેલ નથી. સદર વીજ જોડાણમાં વીજ બીલ વધુ આવતું હોય અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત પેરા નં. ૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પેરા નં. ૩.૧ મુજબ અરજદાર ના વીજબીલ નાણા બાકી હોવાથી અરજદારનું સદર મીટર તા.૧૭.૦૯.૧૯ ના રોજ ચેકિંગ શીટ નં. ૭૩૦૯૩૧ થી ઉતારવા માં આવેલ છે સદર મીટરની લેબોરેટરીમાં ચકાસણી માટે તા. ૨૦.૦૯.૧૯- તા.૨૭.૦૯.૧૯ અને તા.૦૪.૧૦.૧૯ ના રોજ હાજર રહેવા ની નોંધ કરેલ છે. અરજદાર સદર તારીખમાં હાજર ન રહેતા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર મીટરની એકતરફી ચકાસણી તા. ૧૮.૧૦.૨૦૧૯ ના રોજ કરવામાં આવે તે રિપોર્ટ મુજબ મીટર બરાબર છે અને મીટરના રીડીંગ ૪૧૪૪૫.૭ બતાવેલ છે.

૪.૩ સદર કેઈસમાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ કલેક્શન શીટ મુજબ અરજદાર દ્વારા વર્ષ ૨૦૧૩ થી વિજબીલની રકમ અનિયમિત ભરપાઈ કરેલ છે. તેમજ તા.૦૪.૦૨.૨૦૨૦ ની સ્થિતિએ સદર વીજ જોડાણ પેટે રૂ.૧૨૩૧૫.૫૨ બાકી છે.

૪.૪ અરજદારની મૌખિક રજૂઆત મુજબ ૦૨-પંખા, ૧-ટીવી અને એલ.ઈડી. બલ્બ હોવા છતાં વધુ બીલ આવતું હોય સદર બાબતે અરજદારની હાજરીમાં સદર વીજ સ્થાપનની ચકાસણી કરવાની પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામાં આવે છે જેમાં અરજદારે સહકાર આપવાનો રહેશે. તેમજ ઉપરોક્ત વીજ બીલની બાકી રકમ ને વ્યાજ વગરના માસિક ત્રણ સરખા હપ્તામાં સ્વીકારવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામાં આવે છે, સદર ત્રણ હપ્તા અરજદારે માહે માર્ચ, એપ્રિલ અને મે -૨૦૨૦ માં ભરપાઈ કરવાના રહેશે. અન્યથા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નીયમાધીન કાર્યવાહી કરવી. વધુમા અરજદારની રજૂઆત મુજબ સદર વીજ જોડાણમાં નામ બદલીની નીયમાધીન કાર્યવાહી અરજદાર દ્વારા કરવાની રહેશે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે

૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.